# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 08-12-2024 Evening : 7.50 to 8.00
Day : SUNDAY National News

આકાશવાણી સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

*************************************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે જયપુરમાં રાઈઝિંગ રાજસ્થાન વૈશ્વિક સમિટનું ઉદ્ઘાટન કરશે.
2) વિદેશ મંત્રી એસ.જયશંકરે મનામા સંવાદમાં પશ્ચિમ એશિયા અંગે ભારતની વ્યાપક વ્યૂહાત્મક દ્રષ્ટિ રજૂ કરી.
3) ગૃહમંત્રી અમિત શાહે દેશની સરહદોને સુરક્ષિત રાખવા, ઘૂસણખોરી રોકવા અને ડાબેરી ઉગ્રવાદનો સામનો કરવા સીમા સુરક્ષા દળની ભૂમિકાની પ્રશંસા કરી.
4) ઓસ્ટ્રેલિયાએ એડિલેડમાં રમાયેલી બીજી ક્રિકેટ ટેસ્ટ મેચમાં ભારતને 10 વિકેટે હરાવીને પાંચ મેચની શ્રેણી 1-1થી સરભર કરી.
5) મહિલા ક્રિકેટમાં, ક્વીન્સલેન્ડના બ્રિસ્બેનમાં રમાયેલી બીજી એકદિવસીય મેચમાં ઓસ્ટ્રેલિયાએ ભારતને 122 રનથી હરાવ્યું.

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PM RAJASTHAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે જયપુરમાં રાઈઝિંગ રાજસ્થાન ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટનું ઉદ્ઘાટન કરશે. જયપુર પ્રદર્શન અને સંમેલન કેન્દ્રમાં આયોજિત

થનારી ત્રણ દિવસીય સમિટમાં પ્રધાનમંત્રી સંબોધન કરશે. આ પ્રસંગે રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્મા, કેન્દ્રીય અને રાજ્ય મંત્રીમંડળના અનેક સભ્યો પણ હાજર રહેશે. પાંચ હજારથી વધુ વેપાર અને વેપાર પ્રતિનિધિઓ, રાજદ્વારીઓ અને રોકાણકારો, પ્રતિનિધિઓ અને અન્ય સહભાગીઓ ભવ્ય રોકાણ સમિટમાં હાજરી આપશે. સમિટ પહેલા રોકાણની દરખાસ્તો માટે 30 લાખ કરોડ રૂપિયાના કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. રોકાણ સમિટમાં 32 દેશોના પ્રતિનિધિઓ ભાગ લઈ રહ્યા છે, જેમાંથી 17 ભાગીદાર દેશો છે.

## PRIME MINISTER-ASHTA LAKSHMI MAHOTSAV

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પૂર્વોત્તર રાજ્યોમાં શ્રેષ્ઠ સંચાર, ડિજિટલ સમાવેશ અને આંતરમાળખામાં રોકાણ દ્વારા થયેલી પ્રગતિની પ્રશંસા કરી છે.

શ્રી મોદીએ કેન્દ્રીયમંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાના લેખ વિશે સોશિયલ મીડિયા પર પ્રતિક્રિયાઓ શેર કરી હતી. આ લેખની વિશેષતા એ છે કે વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવામાં ઉત્તર-પૂર્વની ભૂમિકા અગત્યની છે. પ્રધાનમંત્રીએ અષ્ટલક્ષ્મી મહોત્સવની પણ પ્રશંસા કરી જે ઉત્તર-પૂર્વ ક્ષેત્રમાં કાપડ, પ્રવાસનની તકો અને પરંપરાગત હસ્તકલાના મહત્વને ઉજાગર કરે છે.

ત્રણ દિવસીય અષ્ટલક્ષ્મી ઉત્સવનું આજે નવી દિલ્હીમાં સમાપન થશે. આ ઉત્સવનો ઉદ્દેશ્ય ઉત્તર-પૂર્વના આઠ રાજ્યોની સુંદરતા, વિવિધતાને ઉજાગર કરવાનો છે. આ રાજ્યોમાં આસામ, અરુણાચલ પ્રદેશ, મેઘાલય, મણિપુર, નાગાલેન્ડ, મિઝોરમ, ત્રિપુરા અને સિક્કિમનો સમાવેશ થાય છે. મહોત્સવમાં 250 થી વધુ કારીગરો તેમની અનન્ય હસ્તકલા, હેન્ડલૂમ અને કૃષિ-બાગાયત ઉત્પાદનોનું પ્રદર્શન કરી રહ્યા છે જેમાં 34 GI ટેગવાળી વસ્તુઓનો સમાવેશ થાય છે.

## JAISHANKAR MANAMA

વિદેશ મંત્રી એસ.જયશંકરે મનામા સંવાદમાં પશ્ચિમ એશિયા અંગે ભારતની વ્યાપક વ્યૂહાત્મક દ્રષ્ટિ રજૂ કરી છે. તેમણે ભારતના આર્થિક અને વ્યૂહાત્મક હિતોમાં આ ક્ષેત્રની મહત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂક્યો હતો. શ્રી જયશંકરે બહેરીનની રાજધાનીમાં આ સંવાદના પૂર્ણ સત્રને સંબોધિત કરતાં આ મુજબ જણાવ્યું હતું.

ડૉ. જયશંકરે કહ્યું કે, ભારતે ગલ્ફ કો.ઓપરેશન કાઉન્સિલ-જીસીસી, ઈરાન અને ઈરાક સાથે વાર્ષિક વેપારમાં 170 થી 180 બિલિયન ડૉલરથી વધુનો વેપાર કર્યો છે. તેમણે કહ્યું કે ભારતે ભૂમધ્ય સમુદ્રના દેશો સાથે 80 થી 90 અબજ ડોલરનો વેપાર પણ કર્યો છે.

ડો. જયશંકરે જણાવ્યું હતું કે લગભગ એક કરોડ ભારતીય મૂળના લોકો ગલ્ફ ક્ષેત્રમાં રહે છે, જ્યારે ભૂમધ્ય દેશોમાં ભારતીય મૂળના લગભગ 50 લાખ ભારતીયો છે. તેમણે કહ્યું કે ભારત અને પશ્ચિમ એશિયા વચ્ચેના દ્વિપક્ષીય સંબંધો અને આર્થિક વિકાસમાં પ્રવાસી સમુદાય મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યો છે.

ડૉ. જયશંકરે ભારતની ભાવિ ઉર્જા સુરક્ષા, ખાસ કરીને ગ્રીન હાઇડ્રોજન અને ગ્રીન એમોનિયા જેવા નવા ક્ષેત્રોમાં પશ્ચિમ એશિયાના મુખ્ય યોગદાનની પ્રશંસા કરી. તેમણે કહ્યું કે આ ક્ષેત્રે પરંપરાગત ઉર્જા સંસાધનો સિવાય ખાતરોની આયાત દ્વારા ભારતના કૃષિ ક્ષેત્રમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. તેમણે કહ્યું કે આ ક્ષેત્ર ટેક્નોલોજી અને રોકાણમાં સહયોગ માટે મુખ્ય ભાગીદાર તરીકે ઉભરી આવ્યું છે. વિદેશ મંત્રીએ પ્રાદેશિક દરિયાઈ સુરક્ષા, વ્યૂહાત્મક નૌકાદળની હાજરી અને આંતરરાષ્ટ્રીય સુરક્ષા કામગીરીમાં ભારતની સક્રિય ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો.

## AMIT SHAH

ગૃહમંત્રી અમિત શાહે દેશની સરહદોને સુરક્ષિત રાખવા, ઘૂસણખોરી રોકવા અને ડાબેરી ઉગ્રવાદનો સામનો કરવા સીમા સુરક્ષા દળની ભૂમિકાની પ્રશંસા કરી છે.

શ્રી શાહે કહ્યું કે સીમા સુરક્ષા દળ છ દાયકાથી દેશની સીમા સુરક્ષાને વધુ મજબૂત બનાવવામાં વ્યસ્ત છે. આજે જોધપુરમાં સીમા સુરક્ષા દળના 60મા સ્થાપના દિવસ પર બોલતા શ્રી શાહે જણાવ્યું હતું કે, 1965 થી, સરહદ સુરક્ષા દળે દેશની પૂર્વ અને પશ્ચિમી સરહદોને સુરક્ષિત કરવા માટે ઉત્તમ કાર્ય કર્યું છે.

(બાઇટ-અમિત શાહ, ગૃહમંત્રી)

ગૃહમંત્રીએ કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશની સુરક્ષામાં મોટો બદલાવ આવ્યો છે. શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે ભારત સરકારે સરહદી માળખાને મજબૂત કરવા પર વિશેષ ધ્યાન આપ્યું છે અને આ માટે દર વર્ષે અંદાજપત્રમાં વિશેષ જોગવાઈ કરવામાં આવે છે. તેમણે કહ્યું કે, સરકારે સરહદી ગામડાઓ માટે જીવન ગ્રામ યોજના શરૂ કરી છે, જેથી સરહદી ગામડાઓમાં રહેતા લોકોને સન્માન, રોજગાર અને તમામ પાયાની સુવિધાઓ મળી શકે.

## WINTER CHARDHAM YATRA

ઉત્તરાખંડમાં આજથી  શિયાળુ ચારધામ યાત્રાનો પ્રારંભ થયો છે. મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ રુદ્રપ્રયાગ જિલ્લાના ઉખીમઠના ઓમકારેશ્વર મંદિર ખાતે પવિત્ર યાત્રાનું સત્તાવાર રીતે ઉદ્ઘાટન કર્યું, જ્યાં શિયાળાના મહિનાઓમાં ભગવાન કેદારનાથની મૂર્તિ રહે છે. આ પ્રસંગે મુખ્યમંત્રીએ શિયાળુ ચારધામ યાત્રા નિકળતા યાત્રાળુઓ માટે સુવિધાઓ વધારવા સરકારની પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે, સરકાર ભક્તો માટે સરળ અને સમૃદ્ધ અનુભવ સુનિશ્ચિત કરવા માટે તમામ જરૂરી પ્રયાસો કરશે.

આ ઉપરાંત, ગઈકાલે સાંજે રૂદ્રપ્રયાગમાં યોજાયેલા એક કાર્યક્રમમાં, મુખ્યમંત્રીએ જાહેરાત કરી હતી કે રાજ્ય સરકાર આ યાત્રાને પ્રોત્સાહન આપવા અધિકારીઓને માર્ગદર્શિકા બહાર પાડી છે

## JITIN-IIGF

ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી રાજ્ય મંત્રી જિતિન પ્રસાદ આવતીકાલે નવી દિલ્હીમાં ઈન્ડિયા ઈન્ટરનેટ ગવર્નન્સ ફોરમની ચોથી આવૃત્તિનું ઉદ્ઘાટન કરશે. બે દિવસીય આ કાર્યક્રમમાં ડિજિટલ વિભાજનને દૂર કરવા, ઓનલાઈન વાતાવરણમાં વિશ્વાસ અને સલામતી વધારવા અને રાષ્ટ્ર નિર્માણ માટે અદ્યતન ટેકનોલોજીનો લાભ લેવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. તેમાં સુરક્ષિત, સમાવિષ્ટ અને નૈતિક રીતે સંચાલિત ઈન્ટરનેટની જરૂરિયાત પર પણ ભાર મૂકાશે. આ આવૃત્તિનો વિષય છે "ઈનોવેટિંગ ઈન્ટરનેટ ગવર્નન્સ ફોર ઈન્ડિયા."

## REV. FARMERS PROTEST- PUNJAB

પંજાબમાં વિરોધ કરી રહેલા ખેડૂતોએ આજના દિવસ માટે દિલ્હી સુધીની તેમની પદયાત્રા સ્થગિત કરી દીધી હતી.

એવું જાણવા મળ્યું છે કે ખેડૂત આગેવાનો આ અંગે બેઠક કરીને આગામી કાર્ય યોજના નક્કી કરશે. અમારા જલંધરના સંવાદદાતા જણાવે છે કે, અગાઉ, ખેડૂતોના એક જૂથે આજે બપોરે દિલ્હી તરફ પગપાળા તેમની વિરોધ કૂચ ફરી શરૂ કરી હતી, પરંતુ હરિયાણા પોલીસ દ્વારા દિલ્હી જવાની કોઈપણ મંજૂરી ન હોવાથી શંભુ બોર્ડર પર અટકાવવામાં આવ્યા હતા.

## CRICKET - INDIA-AUSTRALIA

ઓસ્ટ્રેલિયાએ એડિલેડમાં રમાયેલી બીજી ક્રિકેટ ટેસ્ટ મેચમાં ભારતને 10 વિકેટે હરાવીને પાંચ મેચની શ્રેણી 1-1થી સરભર કરી લીધી છે. મેચના ત્રીજા દિવસે ઓસ્ટ્રેલિયાની ટીમે 19 રનનો લક્ષ્યાંક કોઈપણ નુકશાન વિના હાંસલ કર્યો હતો. આ પહેલા ભારતે 5 વિકેટે 128 રનથી બીજી ઇનિંગ શરૂ કરી હતી અને આખી ટીમ 175 રનમાં આઉટ થઈ ગઈ હતી.

ભારતે પ્રથમ દાવમાં 180 રન બનાવ્યા હતા. જવાબમાં ઓસ્ટ્રેલિયાએ પ્રથમ દાવમાં 337 રન બનાવ્યા હતા અને ટ્રેવિસ હેડના શાનદાર 140 રનની મદદથી 157 રનની લીડ મેળવી હતી. હેડને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો.

શ્રેણીની ત્રીજી મેચ 14 ડિસેમ્બરથી બ્રિસ્બેનમાં રમાશે.

## WOMEN CRICKET

મહિલા ક્રિકેટમાં, ક્વીન્સલેન્ડના બ્રિસ્બેનમાં રમાયેલી બીજી એકદિવસીય મેચમાં ઓસ્ટ્રેલિયાએ ભારતને 122 રનથી હરાવ્યું છે. 372 રનના લક્ષ્યનો પીછો કરતા ભારતીય મહિલા ટીમ 44.5 ઓવરમાં 249 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. આ જીત સાથે ઓસ્ટ્રેલિયન મહિલાઓએ ત્રણ મેચની શ્રેણીમાં સરસાઈ મેળવી લીધી છે.

આ પહેલા ઓસ્ટ્રેલિયાએ બેટિંગ કરવાનું પસંદ કરીને 50 ઓવરમાં 8 વિકેટે 371 રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો. યંગસ્ટર જ્યોર્જિયા વોલે તેની પ્રથમ સદી 85 બોલમાં 101 રન ફટકારી હતી જ્યારે અનુભવી એલિસ પેરીએ 75 બોલમાં 105 રન બનાવ્યા હતા. એનાબેલ સધરલેન્ડે 8.5 ઓવરમાં માત્ર 38 રન આપીને 4 વિકેટ ખેરવી હતી.

ભારત તરફથી ઓપનર રિચા ઘોષે સૌથી વધુ 54 રન બનાવ્યા હતા. શ્રેણીની અંતિમ મેચ આગામી 11મી ડીસેંબરે રમાશે.